ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



પ્રવીણસિંહ રાઠોડ
મો. ૯૭૨૩૮ ૩૧૭૬૧



ઝંકૃતિ ચંદ્રકાન્ત રાવલ
મો. ૯૭૨૬૧ ૬૬૧૧૩



પારૂલ નિખિલ બક્ષી
મો. ૯૮૨૪૦ ૬૦૧૨૯



દિવ્યરાજસિંહ સંજયસિંહ ચંપાવત
મો. ૯૪૨૯૬ ૦૧૫૧૭



યશ ગૌરાંગ પટેલ

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

### ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે

# સ્વચ્છતાનો સંદેશ પોસ્ટર્સથી પ્રસારિત કરાયો



મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણીના ભાગરૂપે સ્વચ્છતા અભિયાન હેઠળ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. આ ઉપક્રમ અંતર્ગત સમગ્ર ગુજરાતમાં ચાલતાં તમામ તપોવન સંશોધન કેન્દ્રમાં આવતાં સગર્ભા બહેનો તથા જનસમાજમાં સ્વચ્છતા અંગે જાગૃતિ આવે તે હેતુથી સ્વચ્છતાનો સંદેશ પોસ્ટરના માધ્યમ દ્વારા સગર્ભા બહેનોએ પ્રસારિત કર્યો હતો. આ પોસ્ટર્સનું ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. યુનિવર્સિટી સંલગ્ન વિવિધ કોર્સીસના વિદ્યાર્થીઓ ઉપરાંત અધ્યાપકો, સ્ટાફમિત્રોએ આ પ્રદર્શન નિહાળ્યું હતું. યુનિવર્સિટીના કુલપતિ પ્રો. ડૉ. કે એસ લિખિયા અને કુલસચિવ કમલામણી રાવ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યાં હતાં.

# સ્ટેજ ઈચ્છુક નવા ગાયકો માટે ૧લીએ 'સુમન સિંગર્સ નાઈટ'

## સોમવારના રોજ રાત્રે ૯.૩૦ કલાકે ડૉ. આંબેડકર હૉલ, ગાંધીનગર ખાતે આ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૨૭

સ્મિત મ્યુઝિક, ગાંધીનગર દ્વારા સ્ટેજ ઈચ્છુક નવોદિત ગાયકો માટે 'સુમન સિંગર્સ નાઈટ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અંગેની વિગતો આપતાં જ્યોતિ ગજ્જર-ભરત ગજ્જરે જણાવ્યું છે કે સ્ટેજ ઈચ્છુક નવા મેલ-ફિમેલ ગાયકો માટે ૧ઑક્ટોબર ને સોમવારના રોજ રાત્રે ૯.૩૦ કલાકે ડૉ. આંબેડકર હૉલ, ગાંધીનગર ખાતે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે, જે જગતભાઈ કારાણીના સૌજન્યથી યોજવામાં આવી રહ્યો છે.

નવાં-જૂનાં આ ગીતોના કાર્યક્રમમાં જગતભાઈ કારાણી, ચેતન સુખડીયા, બકુલ પંજવાણી, સંજય થોરાત, જનક ઠક્કર, મનીષ સંગાણી, ડૉ. શંકરસિંહ રાણા, મયુર પટેલ, મનોજ શુક્લ, ડૉ. રૂપેશ પટેલ, ડૉ. નરેન્દ્ર પટેલ સહિત અન્ય અગ્રણીઓ, નાગરિકો ઉપસ્થિત રહેશે.

રસ ધરાવતા સૌ ગીત-સંગીત પ્રેમીઓને આ કાર્યક્રમનો લાભ લેવા તેમણે નિમંત્રણ પાઠવ્યું છે.

# તાલુકા ખેલ મહાકુંભમાં શ્રી જે એમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય ઝળકી

ગાંધીનગર, તા. ૨૭

તાજેતરમાં યોજાયેલા તાલુકા કક્ષાના ખેલ મહાકુંભમાં કબડ્ડીની સ્પર્ધામાં અન્ડર-૧૪ અને અન્ડર-૧૭ વિભાગમાં શ્રી જે એમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય, સૅક્ટર-૭, ગાંધીનગરની વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો અને પ્રથમ ક્રમાંકનું વિજેતાપદ પ્રાપ્ત કર્યું હતું.

ઉપરાંત રસ્સાખેંચની સ્પર્ધામાં અન્ડર-૧૭ વિભાગમાં અને ૪૫ વર્ષથી ઉપરના ભાઈઓ, બહેનોએ પ્રથમ ક્રમાંકનું વિજેતાપદ મેળવ્યું હતું.

તમામ ખેલાડીઓ હવે જિલ્લાકક્ષાની સ્પર્ધામાં તાલુકાનું પ્રતિનિધિત્વ કરશે. સૌ ખેલાડીઓને શાળા પરિવાર તરફથી અભિનંદન સહ શુભકામનાઓ પાઠવવામાં આવી છે.

ખેલ મહાકુંભ અંતર્ગત તાલુકા કક્ષાની ખો-ખો અને વૉલીબૉલ સ્પર્ધાના અન્ડર-૧૫ અને અન્ડર-૧૭ વિભાગમાં શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી જે એમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયની વિદ્યાર્થિનીઓએ પ્રથમ ક્રમાંકનું વિજેતાપદ હાંસલ કર્યું છે.

ઉપરાંત જાતિય શોષણ અંગે જાગરૂકતા સંદર્ભે કારકિર્દી સપ્તાહ અંતર્ગત એક સૅમિનાર પણ શાળામાં સિવિલ હૉસ્પિટલના ડૉક્ટર્સ દ્વારા યોજવામાં આવ્યો હતો, જેમાં ધોરણ-૯ની વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો.

# ઝવેરચંદ મેઘાણીની કર્મભૂમિમાં ગાંધી જયંતિએ 'ગાંધી વંદના'





ગાંધીનગર, તા. ૨૭

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી-ગાંધીનગર, ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાન-અમદાવાદ તથા ભાલ નલકાંઠા ખાદી ગ્રામોદ્યોગ મંડળ-રાણપુર દ્વારા મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતીના અવસરે રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની કર્મભૂમિ રાણપુર ખાતે 'ગાંધી વંદના' નામે સ્વરાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

કાર્યક્રમ અંતર્ગત રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી રચિત શૌર્ય-દેશપ્રેમ-ગાંધી ગીતો પ્રસ્તુત કરવામાં આવશે.


બીજી ઑક્ટોબર ને મંગળવારે સવારે ૯.૩૦ કલાકે ભાલ નલકાંઠા ખાદી ગ્રામોદ્યોગ મંડળ, રાણપુર ખાતે આયોજિત આ કાર્યક્રમમાં અભેસિંહ રાઠોડ, રાધાબેન વ્યાસ અને સાથીઓ ગીતોની પ્રસ્તુતિ કરશે, સંગીતનો સાજ પંકજ ભટ્ટ દ્વારા આપવામાં આવશે. રસ ધરાવતા સૌકોઈ મેઘાણી-ગાંધીચાહક નાગરિકોને આ કાર્યક્રમનો લાભ લેવા ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાનના મેનેજિંગ ટ્રસ્ટી પિનાકી મેઘાણી અને સંગીત નાટક અકાદમીના સભ્ય સચિવ જે એમ ભટ્ટ દ્વારા ઈજન પાઠવવામાં આવ્યું છે.

### ગુજરાતી એકાંકી નાટ્યસ્પર્ધામાં

# ગાંધીનગર કલ્ચરલ ફૉરમનું નાટક 'મને તરસ મૃગજળની' ભજવાયું







ગાંધીનગર, તા. ૨૭

ભવન્સ કલ્ચરલ એકેડેમી અને સૅન્ટર ફૉર આર્ટ્સ દ્વારા કુલપતિ કનૈયાલાલ મુનશી ગુજરાતી એકાંકી નાટ્ય સ્પર્ધામાં બુધવારે ગાંધીનગર કલ્ચરલ ફૉરમ તરફથી 'મને તરસ મૃગજળની' પ્રસ્તુત થયું હતું. ગાંધીનગર કલ્ચરલ ફૉરમ સંચાલિત સ્કૂલ ઑફ ઍક્ટિંગના તાલીમાર્થીઓ કોઈ સ્પર્ધામાં સાજેદાર થયા હોય એવી આ પ્રથમ ઘટના હતી.

અમદાવાદમાં પ્રથમ જ વખત યોજાઈ રહેલી આ નાટ્યસ્પર્ધામાં ૩૧ ટીમોએ પોતાનાં નાટકો પ્રસ્તુત કર્યાં હતાં, જે પૈકી જે પૈકી ગાંધીનગરની પાંચ ટીમો પણ સામેલ છે. મુંબઈ ઉપરાંત ભરુચ, સુરત, વડોદરા, પાલનપુર, જામનગર, અમદાવાદ, વિસનગર, નવસારી અને ભાવનગરનાં નાટકો પણ સ્પર્ધામાં રજૂ થયાં હતાં.

ભારતીય વિદ્યા ભવનના જે એ ઓડિટોરિયમ, ખાનપુર, અમદાવાદ ખાતે આ સ્પર્ધાનો પ્રાથમિક રાઉન્ડ તા. ૨૪ સપ્ટેમ્બરથી આરંભાયો હતો, જેના અંતિમ દિવસે બુધવારે ગાંધીનગર કલ્ચરલ ફૉરમના બૅનર તળે કુંતલ નિમાવત લિખિત - દિગ્દર્શિત નાટક 'મને તરસ મૃગજળની' ભજવાયું હતું. ગાંધીનગર કલ્ચરલ ફૉરમ સંચાલિત સ્કૂલ ઑફ ઍક્ટિંગનાં તાલીમાર્થી ઋચા વૈષ્ણવ, વેદાંત ઠાકર, મંથન બુદ્ધ તથા પ્રશિક્ષક મૌન સાધુ દ્વારા વાસ્તવિક કક્ષાનો અભિનય આપી આ નાટકને જીવંત બનાવવામાં આવ્યું હતું અને પ્રેક્ષકોની ભરપૂર વાહવાહી લૂંટવામાં આવી હતી.

પ્રેરણા વિદ્યાલય, ગાંધીનગર તથા દિપલ પરમારની નિર્માણ સહાય અને સહદિગ્દર્શનથી તૈયાર થયેલા આ નાટક માટે સંગીત અને સંગીત સંચાલનની સેવા પર્વ નિમાવત દ્વારા, લાઈટ સંચાલન સાબિર મલેક દ્વારા અને મેક-અપની સેવા પ્રતિક્ષા નિમાવત દ્વારા આપવામાં આવી હતી. નેપથ્ય માટે શિવમ મેવાડા અને જયમલ રાવલે પોતાની સેવાઓ આપી હતી.

બુધવારે આ સ્પર્ધામાં મૃદંગ મૅનેજમૅન્ટના બૅનર તળે ગાંધીનગરનું નાટક 'રાઈટ ટર્ન' પણ ભજવાયું હતું. જીગર રાણાના લેખન-દિગ્દર્શન હેઠળ નગરના બાળ કલાકાર મૃદંગ રાણા ઉપરાંત ઉરેન અલમોલા અને જીગર રાણાએ આ નાટક માટે પોતાનો અભિનય આપ્યો હતો.

# સરકારી વિનયન કૉલેજ દ્વારા વિશ્વ પ્રવાસન દિવસ ઉજવાયો



ગાંધીનગર, તા. ૨૭

સરકારી વિનયન કૉલેજ,ગાંધીનગરના ઈતિહાસ વિભાગ દ્વારા ગુરુવારે "વિશ્વ પ્રવાસન દિવસ" ની ઉજવણી કરવામાં આવી હતી. આ નિમિત્તે કૉલેજના વિદ્યાર્થીઓ માટે "ગુજરાતના પ્રવાસનસ્થળો - એક વિહંગાવલોકન" વિષય પર કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. હિમ્મત ભાલોડીયાના અધ્યક્ષસ્થાને એક વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અતિથિવિશેષ તરીકે અભિલેખાગાર, ગુજરાત રાજ્યના નિવૃત્ત નાયબ નિયામકી જે.વી. શાહ ઉપસ્થિત રહ્યા હતા. જેમણે ગુજરાતના પ્રવાસન સ્થળોની વિશેષ જાણકારી, આજના સમયમાં આ સ્થળોનું મહત્વ તથા નવા-નવા વિકસેલા પ્રવાસન સ્થળો વિશે ઉદાહરણસહ રસપ્રદ માહિતી ધરાવતું વ્યાખ્યાન આપ્યું હતું

ઈતિહાસ વિભાગના અધ્યક્ષ ડૉ. આર.બી. કોઠારીએ વિશ્વ પ્રવાસન દિવસની ઉજવણી શા માટે કરવામાં આવે છે તેની ભૂમિકા આપી હતી.વક્તૃત્વ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે ડૉ. એસ.વી.ખડાયતા તથા ડૉ.તસનીમ શેખે કામગીરી કરી હતી. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે વિવેક મારૂ, બીજા ક્રમે અરુણા નંદાણિયા તથા ત્રીજા ક્રમે મેઘલ આચાર્ય વિજેતા બન્યાં હતાં. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ડૉ.ચારુબેન અધ્વર્યુએ કર્યું હતુ. આ સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને પ્રોત્સાહનરુપે ગુજરાત ટુરીઝમ કોર્પોરેશન લિ. દ્વારા એક કીટ આપી ગુજરાતના પ્રવાસન ઉદ્યોગને વેગ મળે તેવો સરહાનીય પ્રયાસ કરવામાં આવ્યો હતો.

### ગુજરાત રાજ્ય ઍનઍસઍસ ડેની ઉજવણીમાં

# કેઍસવી ઍનઍસઍસ ટીમનો ઉત્કૃષ્ટ દેખાવ





ગાંધીનગર, તા. ૨૭

ગુજરાત રાજ્ય ઍનઍસૅસ ડેની ઉજવણીનો રાજકક્ષાનો કાર્યક્રમ ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ ખાતે યોજવામાં આવ્યો હતે, જેમાં રાજ્યની ૩૬ જેટલી યુનિવર્સિટીઝે ભાગ લીધો હતો. ત્રણ દિવસીય આ ઉજવણીમાં વિભિન્ન સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું, તેમાં ગાંધીનગરની કડી સર્વ વિશ્વવિદ્યાલયની ઍનઍસઍસ ટીમે સ્કીટ અને સમૂહગાન સ્પર્ધામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. કેઍસવી ઍનઍસૅસ ટીમમાં નિરાલી પટેલ, યુક્તા પટેલ, પ્રેક્ષા માવાણી, મેહુલ સુથાર, અજય સિસોદીયા, ઉદીત લકુમ, નિલમ પટેલ, હેતલ ગઢવી, ભાવિકા ગજ્જર, ક્રિષ્ના વાળા, સ્વપ્રીલ સુઘડ, ધાર્મિક સાધુ, યુક્તિ પટેલ, જલ્પા રથવી, નિકીતા પટેલ, અવની ભૂવા, રીના ડાયાણી, હસ્તી આલોન્દ્રા, વૃંદા પટેલ, જાનકી પટેલ, ઋષિ બાવરવા અને જેનિસે ભાગે લીધો હતો. યુનિવર્સિટીના પ્રોગ્રામ કો-ઑર્ડિનેટર ડૉ. રણછોડ રથવી અને યુનિવર્સિટી સંલગ્ન અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજના પ્રોગ્રામ ઑફિસર પ્રૉ. સમીરભાઈ પંડ્યાના માર્ગદર્શન હેઠળ ટીમે આ ગૌરવ પ્રાપ્ત કર્યું હતું.

યુનિવર્સિટી વતી પ્રૅસીડેન્ટ વલ્લભભાઈ પટેલ અને કુલપતિ ડૉ. ગાર્ગી રાજપરાએ સમગ્ર ટીમને બિરદાવી અભિનંદન પાઠવ્યા છે.







ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કમ્પ્યુટર સ્ટુડિઝ- બી.સી.એ. કોલેજના વિદ્યાર્થીઓએ "મધુર ડેરી"ની અભ્યાસ મુલાકાત લીધી હતી. બી.સી.એ. સેમિસ્ટર–૧નાં ૩૧૫ જેટલા વિદ્યાર્થીઓ આ મુલાકાતમાં જોડાયા હતા.

ડેરીના દરેક વિભાગ અંગે વિસ્તૃત માહિતી મધુર ડેરીના અધિકારીઓ દ્વારા આપવામાં આવી હતી. આ અધિકારીઓએ વિદ્યાર્થીઓને જણાવ્યુ હતું કે કાચું દૂધ ડેરીમાં ભેગું થાય ત્યારથી શરૂ કરીને દૂધ કોથળીઓમાં પેક થઈને તેના કન્ટેનર ભરાય ત્યાં સુધીની બધીજ પ્રક્રિયા કમ્પ્યુટર દ્વારા સંચાલિત ઓટોમેટિક મશીનરીથી થાય છે. મુલાકાત દરમ્યાન વિદ્યાર્થીઓના વિવિધ પ્રશ્નોનાં તેઓએ સંતોષકારક જવાબો પણ આ અધિકારીઓ દ્વારા આપવામાં આવ્યા હતા. સમગ્ર વિઝિટનું આયોજન કોલેજના ડાયરેક્ટર ડો. સંજય એમ. શાહના માર્ગદર્શન હેઠળ અને ડો. અભિજીતસિંહ જાડેજાના સહયોગથી પ્રથમ દિવસે પ્રો. વિજય ઠાકુર, પ્રો. પલક પટેલ, પ્રો. જિગ્નેશ પટેલ, પ્રો. રીમા શેલત, પ્રો. યોગેંદ્ર પટેલ, પ્રો. પૂજા જોશી દ્વારા અને બીજા દિવસે પ્રો. જૈમિની કુલકર્ણી, પ્રો. રૂપેશ વ્યાસ, પ્રો. શ્વેતા વ્યાસ, પ્રો. કેતન સાળુંકે, પ્રો. રેબેકા અને પ્રો. ભાવના પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

# અંતિમ લક્ષ્ય : નિર્વિચાર અવસ્થા




ગાંધીનગર, તા. ૨૭

ઓશોના હિન્દી પુસ્તક 'ચિત્ત ચકમક લાગે નહીં'નો ગુજરાતી અનુવાદ 'સ્વતંત્ર મન' પુસ્તક રૂપે ઉપનિષદ ચૅરિટૅબલ ટ્રસ્ટ, વડોદરા દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યો છે.

માત્ર ૧૪૪ પાનાં ધરાવતું આ પુસ્તક વાચકના જીવનમાં ચમત્કાર સર્જી શકવા સક્ષમ છે.

અસ્તિત્વએ મન, વિચારી શકતું મન માત્ર મનુષ્યને આપ્યું છે અને તેના ઉપયોગથી શારીરિક રીતે નબળો હોવા છતાં, મનુષ્યએ આવા આધુનિક, વૈજ્ઞાનિક સિદ્ધિઓથી ભરેલા વિશ્વનું સર્જન કર્યું છે. ઓશો કહે છે, મનુષ્યે તેના મનનો આંતરિક વિકાસમાં ઉપયોગ કરવાની જરૂર છે. પરંતુ મનુષ્ય માટે વિચારવું એ પીડા પણ છે, ખાસ કરી આંતરિક જીવન બાબતે. તેથી મનુષ્ય આંતરિક વિકાસની વાત આવે છે ત્યારે વિચાર કરવાની જગ્યાએ વિશ્વાસ પર વજન મૂકે છે અને વિચારોથી બચવા દરેક વસ્તુ માની લે છે અને આંતરિક વિકાસથી વંચિત રહી જાય છે. ધર્મ, વિકાસથી બચવું નથી, માની લેવું નથી, તે તો અંધવિશ્વાસ બની જાય છે અને માનવી પ્રથમ પગથિયું જ ચૂકી જાય છે.

આજનો વૈજ્ઞાનિક મન ધરાવતો માનવી પણ ધર્મ બાબતે, આંતરિક વિકાસ બાબતે વિચાર વિહીનતામાં જીવે છે.

વિચારોનું ટોળું, વિચારોનું સતત ભ્રમણ પણ વિચાર નથી તેવું ઓશો કહે છે. બીજાના વિચારોને પોતાના માનીને તેમાં રમણ કરવું પણ વિચાર અવસ્થા નથી. મનુષ્યે પહેલાં તો વિચાર-વિહીનતામાંથી વિચાર અવસ્થામાં આવવાની જરૂર છે અને તે પછી વિચારની પાર, નિર્વિચાર અવસ્થા પ્રાપ્ત કરવાની છે અને તે જ તેનું અંતિમ લક્ષ્ય છે, એવો સંદેશ આ પુસ્તકમાં અભિવ્યક્ત કરવામાં આવ્યો છે.